શિક્ષણ સાગર

શિક્ષણ સાગર સંપાદિત

# પ્રાર્થના પોથી







shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

# યા કુન્દેન્દુ તુષાર– હાર ધવલા

યા કુન્દેન્દુ તુષાર– હાર ધવલા, યા શુભ્ર, વસ્ત્રામ્વૃતા !
યા વીણા– વર – દંડ – મંડિત કરા,યા શ્વેત પદ્માસના, ! !
યા બ્રહ્માચ્યુત શંકર પ્રભુતિભિમિ,દેવૈ:સદા – વંદિતા !
સા માસ્ પાતુ સરસ્વતી ભગવતી, નિઃ શેષ જાડ્યાપહા ! !

# ૐ તત્સત્ શ્રી

ૐ તત્સત્ શ્રી

ૐ તત્સત્ શ્રી નારાયણ તું, પુરુષોત્તમ ગુરુ તું;

સિદ્ધ બુદ્ધ તું, સ્કન્દ વિનાયક સવિતા પાવક તું,

બ્રહ્મ મજદ તું, યહ્વ શક્તિ તું, ઇસુ પિતા પ્રભુ તું

... ૐ તત્સત્

રુદ્ર વિષ્ણુ તું, રામ-કૃષ્ણ તું, રહીમ તાઓ તું,

વાસુદેવ ગો-વિશ્વરૂપ તું, ચિદાનન્દ હરિ તું;

અદ્વિતીય તું, અકાલ નિર્ભય આત્મ-લિંગ શિવ તું

... ૐ તત્સત્

ૐ તત્સત્ શ્રી નારાયણ તું, પુરુષોત્તમ ગુરુ તું;

સિદ્ધ બુદ્ધ તું, સ્કન્દ વિનાયક સવિતા પાવક તું ...

# મંગલ મંદિર ખોલો

મંગલ મંદિર ખોલો,

દયામય ! મંગલ મંદિર ખોલો !

જીવનવન અતિ વેગે વટાવ્યું,

દ્વાર ઊભો શિશુ ભોળો;

તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,

શિશુને ઊરમાં લ્યો, લ્યો; ... દયામય !

મંગલ મંદિર ખોલો,

દયામય ! મંગલ મંદિર ખોલો !

નામ મધુર તમ રટ્યો નિરંતર,

શિશુ સહ પ્રેમે બોલો;

દિવ્ય તૃષાતુર આવ્યો બાળક,

પ્રેમ અમીરસ ઢોળો ... દયામય !

મંગલ મંદિર ખોલો,

દયામય ! મંગલ મંદિર ખોલો !

# વંદન કરીએ

વંદન કરીએ

વંદન કરીએ શ્રીપ્રભુ ચરણે રાખો અમને શરણે રે.

અંતરની છે અરજ અમારી ધ્યાન ધરીને સુણજો રે

... વંદન કરીએ.

પહેલું વંદન ગણપતિ તમને, રિદ્ધિ સિદ્ધિ આપો રે,

બીજું વંદન માત સરસ્વતી, સત્ય વાણી અમ આપો ને

... વંદન કરીએ.

ત્રીજું વંદન ગુરુજી તમને, વિદ્યા માર્ગે વાળો રે,

ચોથું વંદન માતપિતાને, આશિષ અમને આપો રે

... વંદન કરીએ.

પાંચમું વંદન પરમેશ્વરને, સદબુદ્ધિને આપો રે,

વિનવે નાનાં બાળ તમારાં, પ્રભુ ચરણમાં રાખો રે

... વંદન કરીએ.

# પ્રભુ તારું ગીત

પ્રભુ તારું ગીત મારે ગાવું છે

પ્રેમનું અમૃત પીવું છે

...પ્રભુ તારું ગીત

આવે જીવનમાં તડકા ને છાંયા

માંગુ છું પ્રભુ તારી જ માયા

ભક્તિના રસમાં ન્હાવું છે

... પ્રભુ તારું ગીત

ભવસાગરમાં નૈયા ઝૂકાવી

ત્યાં તો અચાનક આંધી ચડી આવી

સામે કિનારે મારે જાવું છે

... પ્રભુ તારું ગીત

તું વીતરાગી હું અનુરાગી

તારા ભજનની રટ મને લાગી

પ્રભુ તારા જેવું મારે થાવું છે... પ્રભુ તારું ગીત...

# મૈત્રીભાવનું પવિત્ર ઝરણું

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે
... મૈત્રીભાવનું

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણકમળમાં, મુજ જીવનનું અર્ઘ્ય રહે
... મૈત્રીભાવનું

દીન ક્રુર ને ધર્મવિહોણાં, દેખી દિલમાં દર્દ વહે,
કરુણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્રોત વહે
... મૈત્રીભાવનું

માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તોય સમતા ચિત્ત ધરું
... મૈત્રીભાવનું

ચિત્રભાનુની ધર્મભાવના હૈયે, સૌ માનવ લાવે,
વેરઝેરનાં પાપ તજીને, મંગળ ગીતો એ ગાવે... મૈત્રીભાવનુ...

# જીવન અંજલિ

જીવન અંજલિ થાજો !

મારું જીવન અંજલિ થાજો !

ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાંનું જળ થાજો;

દીનદુઃખિયાંનાં આંસુ લો’તાં અંતર કદી ન ધરાજો !

મારું જીવન અંજલિ થાજો !

સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો,

ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો !

મારું જીવન અંજલિ થાજો !

વણથાક્યા ચરણો મારા નિત તારી સમીપે ધાજો;

હૈયાના પ્રત્યેક સ્પંદને તારું નામ રટાજો !

મારું જીવન અંજલિ થાજો !

વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો;

શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો !

મારું જીવન અંજલિ થાજો !

# દિલમાં દીવો કરો

દિલમાં દીવો કરો રે, દીવો કરો.

કૂડા કામ ક્રોધને પરહરો રે, દિલમાં દીવો કરો રે.

દિલમાં...

દયા-દિવેલ પ્રેમ-પરણાયું લાવો, માંહી સુરતાની દિવેટ બનાવો;

મહીં બ્રહ્મ અગ્નિ ચેતાવો રે, દિલમાં દીવો કરો રે.

દિલમાં...

સાચા દિલનો દીવો જ્યારે થાશે, ત્યારે અંધારું સૌ મટી જાશે;

પછી બ્રહ્મલોક તો ઓળખાશે રે, દિલમાં દીવો કરો રે.

દિલમાં...

દીવો અભણે પ્રગટે એવો, તનનાં ટાળે તિમિરનાં જેવો;

એને નયણે તો નરખીને લેવો રે, દિલમાં દીવો કરો રે.

દિલમાં...

દાસ રણછોડે ઘર સંભાળ્યું, જડી કૂંચી ને ઊઘડ્યું તાળું;

થયું ભોમંડળમાં અજવાળું રે, દિલમાં દીવો કરો રે... દિલમાં...

# ઇતની શકિત

ઇતની શકિત હમે દેના દાતા, મનકા વિશ્વાસ કમજોર હોના,

હમચલે નેક રસ્તે પે હમ સે ભૂલ કર ભી કોઈ ભૂલ હો ના,

ઈતની શકિત...

હમ ન સોચે હમેં કયા મિલા હે, હમ યે સોચે દિયા કયા હે, હરપલ

ફૂલ ખુશીયો કે બાટે સભી કો, સબકા જીવન ભી બન જાયે મધુવન,

અપની કરુણા કા જલ તું બહા કે, કરકે પાવન હર ઈક મન કા કોના

હમ ચલે નેક રસ્તે પે હમસે ભૂલ કરભી કોઈ ભૂલ હો ના

ઈતની શકિત...

દૂર અજ્ઞાન કે હો અંધેરે, તું હમે જ્ઞાન કી રોશની દે,

હર બુરાઈ સે બચતે રહે હમ, જીતની ભી દે ભલી જિદંગી દે

બૈર હોના કિસીકા કિસી સે, ભાવના મનમે બદલે કી હોના

હમ ચલે નેક રસ્તે પે હમસે ભૂલ કરભી કોઈ ભૂલ હો ના

ઈતની શકિત...

# તું પ્યાર કા સાગર

તું પ્યાર કા સાગર હૈ ...

તું પ્યાર કા સાગર હૈ ...

તેરી બુંદ કે પ્યાસે હમ ...

લૌટા જો દિયા તુને ... ચલે જાયેગે જહાં સે હમ...

તું પ્યાર કા સાગર હૈ...

ઘાયલ મનકા પાગલ પંછી, ઉડને કો બેકરાર

પંખ હૈ કોમલ આંખ હૈ ધુંધલી... જાના હે સાગર પાર...

અબ તુહી ઈસે સમજા... રાહ ભૂલે થે કહાસે હમ...

તું પ્યાર કા સાગર હૈ ...

ઈધર ઝુમકે ગાયે જિંદગી, ઉધર મોત ખડી..

કોઈ કયા જાને કહા હે સીમા ઉલજને આન પડી...

કાનો મે જરા કહ દે... કી આયે કૌન દિશા સે હમ...

તું પ્યાર કા સાગર હૈ ...

તેરી બુંદ કે પ્યાસે હમ ...

# તુમ્હી હો માતા

તુમ્હી હો માતા, પિતા તુમ્હી હો,

તુમ્હી બંધુ, સખા તુમ્હી હો.

તુમ્હી હો સાથી, તુમ્હી સહારે

કોઈ ના અપના સિવા તુમ્હારે...

તુમ્હી હો નૈયા, તુમ્હી ખીવૈયા

તુમ્હી હો બંધુ, સખા તુમ્હી સે

તુમ્હી હો માતા-પિતા ....

જો ખિલ શકે ના વો ફૂલ હમ હૈ

તુમ્હારે ચરણો કી ધૂલ હમ હૈ

દયા કી દ્રષ્ટિ સદા હી રખના

તુમ્હી હો બંધુ, સખા તુમ્હી હો,

તુમ્હી હો માતા, પિતા તુમ્હી હો,

તુમ્હી બંધુ, સખા તુમ્હી હો.

# પ્રભુ નમીએ

પ્રભુ નમીએ પુરી પ્રીતે, સુખી કરતું દુઃખો હરતું

બનાવી તે બધી દુનિયા બનાવ્યા તે ઊંડા દરિયા

સૂરજને ચંદ્ર ઝગમગિયા...

સુખી કરતું...

વળી આકાશમાં, તારા ઘણે ઉંચે જ ફરનારા,

બનાવ્યા તે પ્રભુ પ્યારા...

સુખી કરતું...

જગત આખા ઉપર તારી નજર ફરતી રહે ન્યારી

અમારા કામ જોનારા...

સુખી કરતું...

બધાએ પાપ બાળી દે, વળી બુધ્ધિ રૂપાળી દે

નમીએ હાથ જોડીને...

સુખી કરતું...

પ્રભુ નમીએ પુરી પ્રીતે, સુખી કરતું દુઃખો હરતું.

# તું મને ભગવાન એક

તું મને ભગવાન એક વરદાન આપી દે,

જ્યાં વસે છે તું મને ત્યાં સ્થાન આપી દે.

હું જીવું છું એ જગતમાં જ્યાં નથી જીવન,

જીન્દગીનું નામ છે બસ, બોજ ને બંધન

આખરી અવતારનું મંડાણ બાંધી દે...

જ્યાં વસે છે તું મને ત્યાં સ્થાન આપી દે.

આ ભૂમિમાં ખુબ ગાજે, પાપના પડઘમ,

બેસૂરી થઈ જાય મારી, પુણ્યની સરગમ

દિલરુબાના તારનું ભંગાણ સાંધી દે...

જ્યાં વસે છે તું મને ત્યાં સ્થાન આપી દે.

જેમ તનમાં જ્યાં લગી છે, સૌ કરે શોષણ,

જેમ જતા કોઈ અહિયાં, ના કરે પોષણ

મતલબી સંસારનું જોડાણ કાપી દે...

જ્યાં વસે છે તું મને ત્યાં સ્થાન આપી દે.

તું મને ભગવાન એક વરદાન આપી દે,

જ્યાં વસે છે તું મને ત્યાં સ્થાન આપી દે.

# એક તું હી ભરોસા

એક તું હી ભરોસા, એક તું હી સહારા,
ઇસ તેરે જહાઁ મેં, નહિ કોઈ હમારા,
ઈશ્વર, યા અલ્લાહ, યે પૂકાર સુન લે,      ઈશ્વર, યા અલ્લાહ, હે દાતા.
હમસે નાં દેખા જાયે, બરબાદીયો કો સમા,
ઉઝડી હુઈ બસ્તી મેં, તડપ રહે ઇન્સાન,
નન્હે જોસ્મો કે ટુકડે, લિયે ખડી હૈ ઇક માં,
બારૂદ કે ધુંએ મેં, તું હી બોલ જાયે કહા.
નાદા હૈ હમ તો માલિક, ક્યું ડી હંમે યે સઝા,
યા હૈ સભી કે દિલ મેં, નફરત ક ઝેર ભરા,
ઇન્હેં ફિર સે યાદ દિલા દે, સબક વહી પ્યાર કા,
બન જાયે ગુલશન ફિર સે, કાંટો ભરી દુનિયા.
એક તું હી ભરોસા, એક તું હી સહારા,
ઇસ તેરે જહાઁ મેં, નહિ કોઈ હમારા,
ઈશ્વર, યા અલ્લાહ, યે પૂકાર સુન લે,
ઈશ્વર, યા અલ્લાહ, હે દાતા.   મેરી પૂકાર સુન લે....

# મંદિર તારું વિશ્વ

મંદિર તારું વિશ્વ રૂપાળું,    સુંદર સરજનહારા રે.

પળ પળ તારા દર્શન થાયે,

દેખે દેખણહારા રે...

નહીં પુજારી, નહીં કો દેવા,

નહીં મંદિરને તાળા રે...

નીલ ગગનમાં મહિમા ગાતા,

ચાંદો સૂરજ તારા રે. ...    મંદિર તારું વિશ્વ રૂપાળું...

વર્ણન કરતા શોભા તારી,

થાક્યા કવિગણ ધીરા રે...

મંદિર માં તું ક્યાં છુપાયો,

શોધે બાળ અધીરા રે.

મંદિર તારું વિશ્વ રૂપાળું,

સુંદર સરજનહારા રે.

# હે શારદે મા

હે શારદે મા ! હે શારદે મા ! અજ્ઞાનતા સે હમે તાર દે મા..(૨)

તુ સ્વર કી દેવી, યે સંગીત તુજ સે,

હર શબ્દ તેરા હે, હર ગીત તુજ સે,

હમ હે અકેલે, હમ હે અધૂરે..

તેરી શરણ હમ, હમેં તાર દે મા..

હે શારદે મા ! હે શારદે મા ! અજ્ઞાનતા સે હમે તાર દે મા..

તું શ્વેતવર્ણી, કમલ પે બિરાજેં,

હાથોં મેં વિણા, મુકુટ સર પે રાજે,

મનસે હમારેં મિટાદે અંધેરા,

હમકો ઉજાલોં કા સંસાર દે મા,

હે શારદે મા ! હે શારદે મા ! અજ્ઞાનતા સે હમે તાર દે મા..

મુનિઓને સમજી, ગુણીઓને જાની,

વેદોં કી ભાષા, પુરાનોં કી બાની,

હમ ભી તો સમજેં, હમ ભી તો જાનેં,

વિદ્યાકા હમકો અધિકાર દે મા,

હે શારદે મા ! હે શારદે મા ! અજ્ઞાનતા સે હમે તાર દે મા..

# જીવન-જ્યોત જગાવો

જીવન-જ્યોત જગાવો પ્રભુ હે! જીવન જ્યોત જગાવો
ટચૂકડી આ આંગળીઓમાં ઝાઝું જોર જમાવો;
આ નાનકડા પગને વેગે ભમતા જગત બનાવો;
અમને રડવડતાં શિખવાડો! ...પ્રભુ હે!
વણદીવે અંધારે જોવા આંખે તેજ ભરવો;
વણજહાજે દરિયાને તરવા બળ બાહુમાં આપો;
અમને ઝળહળતાં શિખવાડો!... પ્રભુ હે!
ઊગતાં અમ મનમાં ફૂલડાંને રસથી સભર બનાવો;
જીવનના રંગો ત્યાં ભરવા પીંછી તમારી ચલાવો;
અમને મઘમઘતાં શિખવાડો!... પ્રભુ હે!
ઉરની સાંકલડી શેરીના પંથ વિશાળ રચાવો;
હૈયાના ઝરણા નાનાને સાગર જેવું બનાવો;
અમને ગરજંતા શિખવાડો!... પ્રભુ હે!
અમ જીવનની વાદળી નાની આભ વિશે જ ઉડાવો
સ્નેહ-શક્તિ-બલિદાન-નીરથી ભરચક ધાર ઝરાવો
અમને સ્થળ-સ્થળમાં વરસાવો!... પ્રભુ હે!

# એક જ દે ચિનગારી

એક જ દે ચિનગારી, મહાનલ !
એક જ દે ચિનગારી.

ચકમક લોઢું ઘસતાં ઘસતાં ખરચી જિંદગી સારી
જામગરીમાં તણખો ન પડ્યો, ન ફળી મહેનત મારી
મહાનલ... એક દે ચિનગારી...

ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો, સળગી આભઅટારી
ના સળગી એક સગડી મારી, વાત વિપતની ભારી
મહાનલ... એક દે ચિનગારી...

ઠંડીમાં મુજ કાયા થથરે, ખૂટી ધીરજ મારી
વિશ્વાનલ ! હું અધિક ન માગું, માગું એક ચિનગારી
મહાનલ... એક દે ચિનગારી...

# તેરી પનાહ મેં હમે રખના

તેરી પનાહ મેં હમે રખના
શીખે હમે નેક રાહ પર ચલના.
કપટ કર્મ ચોરી બેઈમાની,
ઔર હિંસા સે હમકો બચાના,
નાલી કા બન જાઊ ન પાની,
નિર્મલ ગંગા જલ હી બનાના,
અપની નિગાહ મેં હમે રખના,
તેરી પનાહ મેં હમે રખના,
શીખે હમે નેક રાહ પર ચલના.
ક્ષમાવાન કોઈ તુજસા નહી ઔર,
મુજસા નહી કોઈ અપરાધી,
પુણ્ય કી નગરી મેં ભી મૈને,
પાપો કી ગઠરી હી બાંધી,
કરુણાકી છાવ મેં હમે રખના,
તેરી પનાહ મેં હમે રખના,
શીખે હમે નેક રાહ પર ચલના.

# સૌનું કરો કલ્યાણ

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ!
સૌનું કરો કલ્યાણ.
નરનારી પશુપંખીની સાથે,
જીવજંતુનું તમામ... દયાળુ પ્રભુ
જગના વાસીઓ સૌ સુખ ભોગવે,
આનંદ આઠે જામ... દયાળુ પ્રભુ
દુનિયામાં દર્દ–દુકાળ પડે નહિ,
લડે નહિ કોઇ ગામ... દયાળુ પ્રભુ
સર્વ જગે સુખાકારી વધે ને,
વળી વધે ધનધાન્ય... દયાળુ પ્રભુ
કોઇ કોઇનું બૂરું ન ઇચ્છે,
સૌનું ઇચ્છે સૌ સમાન... દયાળુ પ્રભુ
પોતપોતાના ધર્મ પ્રમાણે,
સર્વ ભજે ભગવાન... દયાળુ પ્રભુ

# હે કરુણાના કરનારા

હે કરુણાના કરનારા,

તારી કરુણાનો કોઈ પાર નથી.

હે સંકટના હરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી.

મેં પાપ કર્યા છે એવાં,

હું તો ભૂલ્યો તારી સેવા,

મારી ભૂલોને ભૂલનારા, તારી કરુણાનો કોઈ પાર નથી.

હું અંતરમાં થઈ રાજી,

ખેલ્યો છું અવળી બાજી,

અવળી સવળી કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી.

હે પરમ કૃપાળુ વ્હાલા,

મેં પીધા વિષના પ્યાલા,

વિષને અમૃત કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી.

કદી છોરુ કછોરું થાયે,

પણ તું માવતર કહેવાયે,

મીઠી છાયાના દેનારા, તારી કરુણાનો કોઈ પાર નથી.

મને જડતો નથી કિનારો,

મારો ક્યાંથી આવે આરો,

મારી નાવના ખેવણહારા, તારી કરુણાનો કોઈ પાર નથી.

છે જીવન મારું ઉદાસી,

તું શરણે લે અવિનાશી,

મારા દિલમાં હે રમનારા, તારી કરુણાનો કોઈ પાર નથી.

# વૈષ્ણવ જન તો તેને રે કહીયે

વૈષ્ણવ જન તો તેને રે કહીયે, જે પીડ પરાઈ જાણે રે.
પરદુ:ખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે... વૈષ્ણવ જન

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કે'ની રે.
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે... વૈષ્ણવ જન

સમદ્રષ્ટિને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે.
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે... વૈષ્ણવ જન

મોહ માયા વ્યાપે નહિ જેને, દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે.
રામ નામ શું તાળી રે વાગી, સકળ તિરથ તેના તનમાં રે... વૈષ્ણવ જન

વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે.
ભણે નરસૈયો તેનું દર્શન કરતા, કુળ ઈકોતેર તાર્યા રે... વૈષ્ણવ જન

# હમકો મનકી શક્તિ દેના

હમકો મનકી શક્તિ દેના, મન વિજય કરે,
દૂસરો કી જય સે પહલે, ખૂદ કો જય કરે.

ભેદભાવ અપને દિલસે સાફ કર સકે,
દોસ્તો સે ભૂલ હોં તો માફ કર સકે.
ઝુઠ સે બચે રહે, સચ કદમ ભરે,
દૂસરો કી જય સે પહલે, ખૂદ કો જય કરે.

મુશ્કીલે પડે તો હમ પે ઈતના કર્મ કર,
સાથ દે તો ધર્મ કા, ચલે તો ધર્મ પર.

ખુદ પે હોંસલા રહે, બદી સે ના ડરે,
દૂસરો કી જય સે પહલે, ખૂદ કો જય કરે.
હમકો મનકી શક્તિ દેના, મન વિજય કરે,
દૂસરો કી જય સે પહલે, ખૂદ કો જય કરે.

# એ માલિક તેરે બંદે હમ

એ માલિક તેરે બંદે હમ,ઐસે હો હમારે કદમ
નેકી પર ચલે ઔર બદી સે ટલે,
તાકી હંસતે હુએ નિકલે દમ... એ માલિક...
હે અંધેરા ઘના છા રહા, તેરા ઇન્સાન ઘબરા રહા,
વો રહા બેખબર, કુછ ન આતા નજર,
સુખ કા સૂરજ છૂપા જા રહા,
હૈ તેરી રોશની મે હો દમ, તૂ અમાવસ કો કર દે પૂનમ,
નેકી પર ચલે ઔર બદી સે ટલે,
તાકી હંસતે હુયે નિકલે દમ... હે માલિક...
જબ જુલમો કા હો સામના,તબ તુ હી હમેં થામના,
જો બુરાઈ કરે, હમ ભલાઈ કરે,
નહીં બદલે કી ભાવના,
જબ ઉઠે પ્યાર કા હર કદમ, ઔર મિટે બૈર કા યહ ભરમ,
નેકી પર ચલે, ઔર બદી સે ટલે,
તાકી હંસતે હુયે, નિકલે દમ... હે માલિક...

# વંદે દેવી શારદા, વંદે દેવી શારદા

વંદે દેવી શારદા વંદે દેવી શારદા
ઉર વીણા હું બજાવું બજાવું.
વંદે દેવી શારદા...
મંગલ ઉત્સવ આજ અનેરો
મોતિ થકી હું વધાવું વધાવું.
વંદે દેવી શારદા...
ચંદ્રિકાના ધવલ પ્રકાશે
આરતી હું ઉતરાવું ઉતરાવું.
વંદે દેવી શારદા...
ચિર મનોહર પટકુળ પહેરી
મયુર વિહાણીની આવો આવો.
વંદે દેવી શારદા...
યુગ યુગના અંધાળા ટાળો.
મન મંદિર સજાવું સજાવું.
વંદે દેવી શારદા...

# માગું હું તે આપ, પ્રભુજી!

માગું હું તે આપ, પ્રભુજી!

માગું હું તે આપ.    ના માંગુ ધન વૈભવ એવા

મન દેખી મલકાય,

ભલે રહું હું દીન તોય લઉં ના

ગરીબ કેરી હાય!

એવું હૈયાનું બળ આપ, પ્રભુજી! ... માગું હું તે આપ

ઉંચા નીચા ભેદ ન જાણું,

સૌને ચાહું સમાન

સૌને આવું હું ખપમાં મુજ

કાયા વજ્ર સમાન

એવું શરીરનું બળ આપ, પ્રભુજી! ... માગું હું તે આપ

કરતાં કાર્ય જગે સેવાનાં

જો કદી થાકી જવાય

કાયા થાકે મન નવ થાકે

જીવતર ઉજળું

એવું મનનું બળ તું આપ, પ્રભુજી! ... માગું હું તે આપ

# પરમેશ્વર કેવા હશે?

પરમેશ્વર કેવા હશે?
મને કહોને પરમેશ્વર કેવા હશે?
ક્યાં રહેતા હશે, શું કરતા હશે?
ગગનની ઓઢણીમાં ચાંદા સૂરજને,
તારાને ગૂંથનારા કેવા હશે? ...મને કહોને

આંબાની ઊંચી ડાળે ચડીને,
મોરોને મૂકનાર કેવા હશે? ...મને કહોને

મીઠા એ મોરોના સ્વાદ ચખાડી,
કોયલ બોલાવનાર કેવા હશે? ...મને કહોને

ઊંડા એ સાગરનાં મોજાં ઉછાળી,
ઘૂ ઘૂ ગજાવનાર કેવા હશે? ...મને કહોને
મનેય મારી માડીને ખોળે,
હોંસે હુલાવનાર કેવા હશે? ...મને કહોને

# ભૂલો ભલે બીજું બધું (ભજન)

ભૂલો ભલે બીજું બધું, મા બાપને ભૂલશો નહિ.
અગણિત છે ઉપકાર એના, એ કદી વિસરશો નહિ.
પથ્થર પૂજ્યા પૃથ્વી તણા, ત્યારે દીઠું તમ મુખડું.
એ પુનિત જનનાં કાળજાં, પથ્થર બની છુંદશો નહિ.
કાઢી મુખેથી કોળીયા, મ્હોંમાં દઈ મોટા કર્યા.
અમૃત તણાં દેનાર સામે, ઝેર ઉગળશો નહિ.
લાખો લડાવ્યાં લાડ તમને, કોડ સૌ પુરા કર્યા.
એ કોડના પુરનારના, કોડને ભૂલશો નહિ.
લાખો કમાતા હો ભલે, મા બાપ જેથી ના ઠર્યા.
એ લાખ નહિં પણ રાખ છે, એ માનવું ભૂલશો નહિ.
સંતાનથી સેવા ચાહો, સંતાન છો સેવા કરો.
જેવું કરો તેવું ભરો, એ ભાવના ભૂલશો નહિ.
ભીને સૂઈ પોતે અને, સુકે સુવડાવ્યા આપને.
એ અમીમય આંખને, ભૂલીને ભીંજવશો નહિ.
પુષ્પો બિછાવ્યાં પ્રેમથી, જેણે તમારા રાહ પર.
એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહિ.
ધન ખરચતાં મળશે બધું, માતા પિતા મળશે નહિ.
પલ પલ પુનિત એ ચરણની, ચાહના ભૂલશો નહિ.

# શંભુ શરણે પડી

શંભુ શરણે પડી, માગું ઘડી રે ઘડી કષ્ટ કાપો.
દયા કરી દર્શન શિવ આપો...
તમે ભક્તોના દુઃખ હરનારા, શુભ સૌનું સદા કરનારા.
મારી મંદ મતિ, તારી અકળ ગતિ, કષ્ટ કાપો.
દયા કરી દર્શન શિવ આપો...
અંગે ભસ્મ સ્મશાનની ચોળી, સંગે રાખો સદા ભૂત ટોળી..
ભાલે તિલક કર્યું, કંઠે વિષ ધર્યું, અમૃત આપો. દયા કરી દર્શન શિવ આપો...
નેતિ નેતિ જ્યાં વેદ વદે છે, મારું ચિતડું ત્યાં જાવા ચાહે છે..
સારા જગમાં છે તું, વસું તારામાં હું, શક્તિ આપો.
દયા કરી દર્શન શિવ આપો...
હું તો એકલપંથ પ્રવાસી, છતાં આતમ કેમ ઉદાસી..
થાક્યો મથી રે મથી, કારણ જડતું નથી, સમજણ આપો.
દયા કરી દર્શન શિવ આપો...
આપો દષ્ટિમાં તેજ અનોખું, સારી સૃષ્ટિમાં શિવરુપ દેખું..
મારા મનમાં વસો, હૈયે આવી હસો, શાંતિ સ્થાપો.
દયા કરી દર્શન શિવ આપો...
ભોળા શંકર ભવદુઃખ કાપો, નિત્ય સેવાનું શુભ ફળ આપો..
ગાળો માનવ મદા, ટાળો ગર્વ સદા, ભક્તિ આપો.
દયા કરી દર્શન શિવ આપો...

# સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ !

સૌનું કરો કલ્યાણ.

નરનારી પશુપંખીની સાથે,

જીવજંતુનું તમામ ... દયાળુ પ્રભુ

જગના વાસીઓ સૌ સુખ ભોગવે,

આનંદ આઠે જામ ... દયાળુ પ્રભુ

દુનિયામાં દર્દ–દુકાળ પડે નહિ,

લડે નહિ કોઇ ગામ ... દયાળુ પ્રભુ

સર્વ જગે સુખાકારી વધે ને,

વળી વધે ધનધાન્ય ... દયાળુ પ્રભુ

કોઇ કોઇનું બૂરું ન ઇચ્છે,

સૌનું ઇચ્છે સૌ સમાન ... દયાળુ પ્રભુ

પોતપોતાના ધર્મ પ્રમાણે,

સર્વ ભજે ભગવાન ... દયાળુ પ્રભુ

# જીવનજ્યોત જગાવો

જીવનજ્યોત જગાવો પ્રભુ હે જીવનજ્યોત જગાવો.

ટચૂકડી આ આંગળીઓમાં ઝાઝું જોર જમાવો,
આ નાનકડા પગને વેગે ભમતા જગત બનાવો
અમને રડવડતાં શીખવાડો ... પ્રભુ હે

વણદીવે અંધારે જોવા આંખે તેજ ભરાવો,
વણ જહાજે દરિયાને તરવા બળ બાહુમાં આપો,
અમને ઝળહળતાં શીખવાડો ... પ્રભુ હે

ઊડતાં અમ મનનાં ફૂલડાંને રસથી સભર બનાવો,
જીવનનાં રંગો ત્યાં ભરવા પીંછી તમારી ચલાવો,
અમને મઘમઘતાં શીખવાડો ... પ્રભુ હે

ઉરની સાંકલડી શેરીના પંથ વિશાળ રચાવો,
હૈયાના ઝરણાં નાનાને સાગર જેવું બનાવો,
અમને ગરજંતા શીખવાડો ... પ્રભુ હે

અમ જીવનની વાદળી નાની આભ વિશે જ ઉડાવો,
સ્નેહશક્તિ બલિદાન–નીરથી ભરચક ધાર ઝરાવો,
અમને સ્થળ સ્થળમાં વરસાવો ... પ્રભુ હે

# હે માનવ વિશ્વાસ કરી લે

હે માનવ વિશ્વાસ કરી લે સમય બની સમજાવું છું
હે માનવ વિશ્વાસ કરી લે સમય બની સમજાવું છું
આ દુનિયામાં ઈચ્છાથી અવતાર ધરીને હું આવું છું
આ દુનિયામાં ઈચ્છાથી અવતાર ધરી હું આવું છું
હે માનવ વિશ્વાસ કરી લે
વિશ્વ ચરાચર ઉપવન મારું પાણી હું પીવડાવું છું
વિશ્વ ચરાચર ઉપવન મારું પાણી હું પીવડાવું છું
પણ સ્વાર્થ ઘેલાની દ્રષ્ટિમાં
પણ સ્વાર્થ ઘેલાની દ્રષ્ટિમાં આમ છતાં ક્યાં આવું છું
હે માનવ વિશ્વાસ કરી લે સમય બની સમજાવું છું
આ દુનિયામાં ઈચ્છાથી અવતાર ધરી હું આવું છું
હે માનવ વિશ્વાસ કરી લે...
એ ભિક્ષુક વેશ ધરું છું ત્યારે ઘર ઘર હાથ લંબાવું છું
ભિક્ષુક વેશ ધરું છું ત્યારે ઘર ઘર હાથ લંબાવું છું
માફ કરો એ શબ્દ સાંભળી
માફ કરો એ શબ્દ સાંભળી પારાવાર પછતાવું છું
હે માનવ વિશ્વાસ કરી લે સમય બની સમજાવું છું
આ દુનિયામાં ઈચ્છાથી અવતાર ધરી હું આવું છું
હે માનવ વિશ્વાસ કરી લે

# તારી એક એક પળ જાય લાખની,

તારી એક એક પળ જાય લાખની,
તું તો માળા રે જપી લે ઘનશ્યામની... ૦ટેક
ખાલી આવ્યા ખાલી જાશો, સાથે શું લાવ્યા લઈ જાશો;

જીવન ધન્ય રે બનાવો ભક્તિભાવથી... તું તો૦ ૧
જૂઠા જગના જૂઠા ખેલ, મનવા મારું તારું મેલ;
તું તો છોડી દેને ચિંતા આખા ગામની... તું તો૦ ૨
વહાલા યોગીજી મહારાજ, મારા ચિત્તલડાના ચોર;
મેં તો મૂરતિ જોઈ છે યોગીરાજની... તું તો૦ ૩
હૈયે લાગી તાલાવેલી, આંખે આંસુડાની હેલી;
ભક્તો ચેતીને ચાલોને જમના મારથી... તું તો૦ ૪
ભક્તિ ખાંડા કેરી ધાર, તેથી ઊતરવું ભવપાર;
જેને લાગી છે લગન ભગવાનમાં;
તે તો સુખેથી જાયે છે અક્ષરધામમાં... તું તો૦ ૫

# ક્યા રે વસે તુલસી ને ક્યા રે વસે રામ?

ક્યા રે વસે તુલસી ને ક્યા રે વસે રામ?

ક્યા રે વસે રે મારા શ્રી ભગવાન?, બોલો હરીજન કૃષ્ણ નું નામ (૨)

વનમાં વસે તુલસી, મંદિર અ વસ્ય રામ

રુદિયામાં વસે મારા શ્રી ભગવાન, બોલો હરીજન કૃષ્ણ નું નામ (૨)

ક્યા રે નહાય તુલસી ને   નહાય રામ?

ક્યા રે નાવ્રાવું મારા એ ભગવાન?, બોલો હરીજન કૃષ્ણ નું નામ (૨)

ગંગા નહાયા તુલસી, ગોદાવરી નહાયા રામ

જમનાજી નહ્વારાવું શ્રી, બોલો હરીજન કૃષ્ણ નું નામ (૨)

શું રે જમે તુલસી ને શું રે જમે રામ?

શું રે જમાડું મારા શ્રી ભગવાન?, બોલો હરીજન કૃષ્ણ નું નામ (૨)

દહીં જમે તુલસી ને દૂધ

માખણીયા ખવડાવું મારા શ્રી ભગવાન, બોલો હરીજન કૃષ્ણ નું નામ (૨)

ક્યા રે પોઢેય તુલસી ને, ક્યા રે પોઢેય રામ?

ક્યા રે પોઢાડું મારા શ્રી ભગવાન?, બોલો હરીજન કૃષ્ણ નું નામ (૨)

ખાતે પોઢે તુલસી ને, પાટે પોઢે રામ

હિંડોળે જહુલાવું મારા, બોલો હરીજન કૃષ્ણ નું નામ (૨)

ક્યા રે વસે તુલસી ને ક્યા રે વસે રામ?

# વાગે છે રે વાગે છે

વાગે છે રે વાગે છે,
વનરાવન મોરલી વાગે છે.
એના સૂર ગગનમાં ગાજે છે,
વનરાવન મોરલી વાગે છે.
કેમ કરી આવું કાન ગોકુળની ગલીઓમાં
મારી સાસુડી વેરણ જાગે છે.
પગલું માંડુ તો વાગે પગના ઝાંઝર આ
મારી જેઠાણી વેરણ જાગે છે.
વીતે છે રાતડીને ચાંદલીયો આથમ્યો
મારી દેરાણી વેરણ જાગે છે.
હળવેથી છેડ કાન મોરલીના સૂર હવે
તારી મોરલીના મોહબાણ વાગે છે.

# કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી

કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી
ભાઇની બેની લાડકીને ભઇલો ઝુલાવે ડાળખી...
હે.......
લીંબડીની આજ ડાળ ઝુલાવે, લીંબોળી ઝોલા ખાય,
હીંચકો નાનો બેનનો એવો, આમ ઝુલણ્યો જાય,
લીંલુડી લીંબડી હેઠે, બેનીબા હિંચકે હીંચે
......કોણ
એ પંખીડા,પંખીડા,ઓરા આવો એ પંખીડા,
બેની મારી હીંચકે હીંચે, ડાળીઓ તું ઝુલાવ,
પંખીડા ડાળીએ બેસો, પોપટજી પ્રેમથી હીંચો...
...કોણ
હે......આજ હીંચોડુ બેનડી, તારા હેત કહ્યા ના જાય,
મીઠડો વાયુ આજ બેની તારા હીંચકે બેસી જાય
કોયલ ને મોરલા બોલે, બેનીનો હીંચકો ડોલે...

# પાયોજી મેં ને, રામ રતન ધન પાયો

પાયોજી મેં ને, રામ રતન ધન પાયો

પાયોજી મેં ને, રામ રતન ધન પાયો .. (૨) પાયોજી મેં ને...

વસ્તુ અમૌલિક, દી મેરે સત્ ગુરુ .. (૨) કિરપા કર, અપનાયો ..

પાયોજી મેં ને .. કિરપા કર, અપનાયો .. પાયોજી મેં ને, રામ રતન ધન પાયો ... (૨)

જનમ જનમ કી, પુંજી પાઈ .. (૨)

જગ મેં સભી ખોવાયો .. પાયોજી મેં ને .. જગ મેં, સભી ખોવાયો ..

પાયોજી મેં ને, રામ રતન ધન પાયો ... (૨)

ખર્ચે ન ખૂટે, ચોર ન લૂંટે .. (૨)

દિન દિન બઢત, સવાયો .. પાયોજી મેં ને ..

દિન દિન બઢત, સવાયો .. પાયોજી મેં ને, રામ રતન ધન પાયો ..

સત્ કી નાઁવ, ખેવટીયાઁ સત્ ગુરુ .. (૨)

ભવ સાગર, તર આયો .. પાયોજી મેં ને ..

બહવ સાગર, તર આયો .. પાયોજી મેં ને, રામ રતન ધન પાયો ... (૨)

મીરાં કે પ્રભુ, ગિરિધર નાગર .. (૨)

હરખ, હરખ જશ ગયો .. (૨) પાયોજી મેં ને ..

હરખ હરખ જશ ગયો ..

પાયોજી મેં ને, રામ રતન ધન પાયો ...(૨) પાયોજી મેં ને, રામ રતન ધન પાયો

# કસુંબીનો રંગ

જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા પીધો કસુંબીનો રંગ;
ધોળાં ધાવણ કેરી ધારાએ ધારાએ પામ્યો કસુંબીનો રંગ. – રાજ..
બહેનીને કંઠે નીતરતાં હાલરડાંમાં ઘોળ્યો કસુંબીનો રંગ;
ભીષણ રાત્રિ કેરા પહાડોની ત્રાડોએ ચોળ્યો કસુંબીનો રંગ. – રાજ..
દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં ભભક્યો કસુંબીનો રંગ;
સાગરને પાળે સ્વાધીનતાની કબરોમાં મહેક્યો કસુંબીનો રંગ.– રાજ..
ભક્તોના તંબૂરથી ટપકેલો મસ્તીભર ચાખ્યો કસુંબીનો રંગ;
વહાલી દિલદારાના પગની મેંદી પરથી ચૂમ્યો કસુંબીનો રંગ – રાજ..
નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં કવિઓએ ગાયો કસુંબીનો રંગ;
મુક્તિને ક્યારે નિજ રક્તો રેડણહારે પાયો કસુંબીનો રંગ. – રાજ...
પિડિતની આંસુડાધારે – હાહાકારે રેલ્યો કસુંબીનો રંગ;
શહીદોના ધગધગતા નિઃશ્વાસે નિઃશ્વાસે સળગ્યો કસુંબીનો રંગ.–રાજ
ધરતીનાં ભૂખ્યાં કંગાલોને ગાલે છલકાયો કસુંબીનો રંગ;
બિસ્મિલ બેટાઓની માતાને ભાલે મલકાયો કસુંબીનો રંગ. – રાજ...
ઘોળી ઘોળી પ્યાલા ભરિયા : રંગીલા હો ! પીજો કસુંબીનો રંગ;
દોરંગાં દેખીને ડરિયાં : ટેકીલા તમે! હોંશિલા તમે ! રંગીલા તમે લેજો કસુંબીનો રંગ!
રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ –
લાગ્યો કસુંબીનો રંગ !

# કૈસે આઉ રે કનૈયા તેરી ગોકુલ નગરી

કૈસે આઉ રે કનૈયા તેરી ગોકુલ નગરી,

દૂર નગરી બડી દૂર નગરી.

રાત કો આઉં કાન્હા ડર મોહે લાગે,

દિન કો આઉં તો દેખે સારી નગરી.

દૂર નગરી રે...

સખી સંગ આઉં કાન્હા શર્મ મોહે લાગે,

અકેલી આઉં તો ભૂલ જાઉં ડગરી.

દૂર નગરી રે...

ધીરિ ધીરિ ચાલુ તો કમર મોરી લચકે,

ઝપટ ચાલુ તો છલકાયે ગગરી.

દૂર નગરી રે...

મીરાં કહે પ્રભુ ગીરીધર નાગર,

તુમરે દરસ બિન મૈં હો ગઈ બાવરી.

દૂર નગરી રે...

# હરિને ભજતાં

હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે;
જેની સુરતા શામળીયા સાથ, વદે વેદ વાણી રે. હરિને...

વહાલે ઉગાર્યો પ્રહ્-લાદ, હરણા કંસ માર્યો રે;
વિભીષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે. હરિને...
વહાલે નરસિંહ મહેતાને હાર, હાથોહાથ આપ્યો રે;
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી થાપ્યો રે. હરિને...

વહાલે મીરાં તે બાઈનં વિખ હળાહળ પીધાં રે;
પંચાળીના પૂર્યાં ચીર, પાંડવ કામ કીધાં રે હરિને...
વહાલે આગે સંતોનાં કામ, પૂરણ કરિયાં રે;
ગુણ ગાય ગેમલ કરજોડ, હેતે દુઃખ હરિયાં રે. હરિને...

# એવી પ્યાલી પીધી મેતો

એવી પ્યાલી પીધી મેતો, મારા સદગુરુ ના હાથે.
પીતા મારે પ્રીત બંધાણી પ્રીતમ જી ની સાથે....એવી પ્યાલી

પ્રેમ તણી લાગી છે અગ્ની પ્રગટી હાટો હાટે,
અણ સમજુ અજ્ઞાની મુજને ગાંડી ગણી ને કાઢે રે....એવી

પ્રેમે મુજને સદગુરુ મળીયા સફળ થયો મારો જન્મારો
હુ ગાંડી કે આ દુનીયા ગાંડી જ્ઞાની આપ વિચારો....એવી

સ્વામિ ના સુખ ને તો બેની પરણેલી સ્ત્રી જાણે
શુ સમજે કુવારી કન્યા એ તો પિયરયુ વખાણે....એવી

"દાસ સતાર" સદગુરુ પ્રતાપે પરણે લી મોજ માણે
જોવુ હોય તો સુખ પિયુ નુ પરણો વચન પ્રમાણે....એવી

# ગુરુજીના નામની હો... માળા છે ડોકમાં

ગુરુજીના નામની હો... માળા છે ડોકમાં
નારાયણ નામની હો... માળા છે ડોકમાં
જુઠુ બોલાય નહીં, ખોટુ લેવાય નહીં
અવળુ ચલાય નહીં હો... માળા છે ડોકમાં

ક્રોધ કદી થાય નહીં, પરને નિંદાય નહીં
કોઇને દુભવાય નહીં હો... માળા છે ડોકમાં
પરને પીડાય નહીં, હું પદ ધરાય નહીં
પાપને પોષાય નહીં હો... માળા છે ડોકમાં

ધન સંઘરાય નહીં, એકલા ખવાય નહીં
ભેદ રખાય નહીં હો... માળા છે ડોકમાં
હરિહરાનંદ કહે સત્ય ચૂકાય નહીં
હે નારાયણ ભૂલાય નહીં હો.. માળા છે ડોકમાં

# હર – હર ભોળા શંભુ

હર – હર ભોળા શંભુ, તમારી ધૂન લાગી (2)

તારી ધૂન લાગી ભોળા તારી ધૂન લાગી (2)

પાર્વતીના પ્યારા, તમારી ધૂન લાગી (2)

તારી ધૂન લાગી ભોળા, તારી ધૂન લાગી

ગણેશજી ના પિતા, તમારી ધૂન લાગી (2)

તારી ધૂન લાગી ભોળા, તારી ધૂન લાગી

સૃષ્ટિ ના રખવાળા, તમારી ધૂન લાગી (2)

તારી ધૂન લાગી ભોળા, તારી ધૂન લાગી

ભક્તો ના તારણહાર, તમારી ધૂન લાગી (2)

તારી ધૂન લાગી ભોળા, તારી ધૂન લાગી

# ઓ ઈશ્વર ભજીએ તને

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ

ગુણ તારાં નિત ગાઈએ, થાય અમારાં કામ ... ૧

હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ

ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજો માફ ... ૨

રભુ એટલું આપજો, કુટુંબ પોષણ થાય

ભૂખ્યા કોઇ સૂએ નહીં, સાધુ સંત સમાય ... ૩

અતિથિ ઝાંખો નવ પડે, આશ્રિત ના દુભાય

જે આવે અમ આંગણે, આશિષ દેતો જાય ... ૪

સ્વભાવ એવો આપજો, સૌ ઇચ્છે અમ હિત

શત્રુ ઇચ્છે મિત્રતા, પડોશી ઇચ્છે પ્રીત ... ૫

વિચાર વાણી વર્તને, સૌનો પામું પ્રેમ

સગાં સ્નેહી કે શત્રુનું, ઇચ્છું કુશળ ક્ષેમ ... ૬

જોવા આપી આંખડી, સાંભળવાને કાન

જીભ બનાવી બોલવા, ભલું કર્યું ભગવાન ... ૭

ઓ ઈશ્વર તું એક છે, સર્જ્યો તેં સંસાર

પ્રુથ્વી પાણી પર્વતો, તેં કીધા તૈયાર ... ૮

તારા સારા શોભીતા, સૂરજ ને વળી સોમ

તે તો સઘળા તેં રચ્યા, જબરું તારું જોમ ... ૯

અમને આપ્યાં જ્ઞાન ગુણ, તેનો તું દાતાર

બોલે પાપી પ્રાણીઓ, એ તારો ઉપકાર ... ૧૦

કાપ કલેશ કંકાસ ને, કાપ પાપ પરિતાપ

કાપ કુમતિ કરુણા કીજે, કાપ કષ્ટ સુખ આપ ... ૧૧

ઓ ઈશ્વર તમને નમું, માંગુ જોડી હાથ

આપો સારા ગુણ અને, સુખમાં રાખો સાથ ... ૧૨

મન વાણી ને હાથથી, કરીએ સારાં કામ

એવી બુદ્ધિ દો અને, પાળો બાળ તમામ ... ૧૩

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ

ગુણ તારાં નિત ગાઈએ, થાય અમારાં કામ ... ૧૪

# મારી હૂંડી સ્વીકારો મહારાજ રે

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે, શામળા ગિરધારી

મારી હૂંડી શામળિયાને હાથ રે , શામળા ગિરધારી

રાણાજીએ રઢ કરી, વળી મીરા કેરે કાજ

ઝેરના પ્યાલા મોકલ્યાં રે, વ્હાલો ઝેરના જારણહાર રે

શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે

સ્થંભ થકી પ્રભુ પ્રગટીયા, વળી ધરિયાં નરસિંહ રૂપ

પ્રહલાદને ઉગારિયો રે, વ્હાલે માર્યો હરણાકંસ ભૂપ રે;

શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે

ગજને વ્હાલે ઉગારિયો, વળી સુદામાની ભાંગી ભૂખ

સાચી વેળાના મારા વ્હાલમા રે, તમે ભક્તોને આપ્યાં ઘણાં સુખ રે;

શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે

પાંડવની પ્રતિજ્ઞા પાળી, વળી દ્રૌપદીનાં પૂર્યાં ચીર,

નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારજો રે, તમે સુભદ્રાબાઈના વીર રે;

શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે

ચાર જણા તીરથવાસી ને, વળી રૂપિયા સો સાત,

વહેલા પધારજો દ્વારિકા રે, એને ગોમતી નાહ્યાની ખાંત રે;

શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે

રહેવાને નથી ઝૂંપડું, વળી જમવા નથી જુવાર,

બેટો બેટી વળાવિયાં રે, મેં તો વળાવી ઘર કેરી નાર રે;

શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે

ગરથ મારું ગોપીચંદન, વળી તુલસી હેમનો હાર,

સાચું નાણું મારો શામળો રે, મારે દોલતમાં ઝાંઝપખાજ રે;

શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે

તીરથવાસી સૌ ચાલિયા, વળી આવ્યા નગરની માંહ્ય,

આ શહેરમાં એવું કોણ છે રે, જેનું શામળશા એવું નામ

શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે

નથી બ્રાહ્મણ નથી વાણિયો, નથી ચારણ નથી ભાટ,

લોક કરે ઠેકડી, નથી શામળશા શેઠ એવું નામ રે

શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે

તીરથવાસી સૌ ચાલીયા, વળી આવ્યા નગરની બહાર,

વેશ લીધો વણિકનો રે, મારું શામળશા શેઠ એવું નામ રે

શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે

હૂંડી લાવો હાથમાં, વળી આપું પૂરા દામ,

રૂપિયા આપું રોકડા રે, મારું શામળશા એવું નામ રે;

શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે

હુંડી સ્વીકારી વ્હાલે શામળે, વળી અરજે કીધા કામ

મહેતાજી ફરી લખજો, મુજ વાણોતર સરખાં કાજ રે;

શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો મહારાજ રે

# SHIKSHAN SAGAR
## ( શિક્ષણ સાગર )
## એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર
The King of Education
shikshansagar.com

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર
૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP

શિક્ષણ સાગર
The King of Education
shikshansagar.com



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION